Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

11995

26 ઓક્ટોબર, 2019

**શ્રી અમિતભાઇ શાહ**
માનનીય ગૃહમંત્રીશ્રી
ભારત સરકાર

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

## <u>અગત્યનું સૂચન</u>

**વિષયઃ કો-ઓપરેટીવ અને અન્ય બેન્કોના ખાતેદારો ને થાપણ અને ઋણ બાંહેધરી નિગમ (DICGC) અંતર્ગત પ્રીમિયમ સામે વીમા કવચ નો લાભ આપવા બાબતે**

માનનીયશ્રી અમિતભાઇ,

GCCI તરફથી દિવાળી ની ખુબ-ખુબ શુભકામનાઓ.

આપને વિદિત છે તે મુજબ DICGC Act, 1961 ની કલમ 16(1) અંતર્ગત, જો કોઇ સંજોગોમાં બેંક નાદાર થાય તો મહત્તમ ₹1 લાખ સુધીનું વળતર મળવાપાત્ર થાય છે. આ નિયમમાં છેલ્લા 26 વર્ષો થી કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી તો અમારું નમ્ર સૂચન છે કે તે મર્યાદા વધારીને ₹10 લાખ કરવી જરુરી છે.

તાજેતર માં મહારાષ્ટ્રની PMC બેંકની ઘટના પછી બેન્કોના ખાતાધારકોમાં ખાસ કરીને કો-ઓપરેટીવ બેન્કોના ખાતાધારકોમાં અનિશ્ચિતતા અને દ્વિધાનો માહોલ ઉભો થયેલ છે. થાપણ અને ઋણ બાંહેધરી નિગમ (DICGC) અનુસાર ₹1 લાખ સુધીના રોકાણો પર વીમા કવચનો લાભ હાલમાં માત્ર બેન્કોને જ મળવાપાત્ર છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં બેન્કો દ્વારા દરેક સુવિધા માટે ચાર્જ વસુલવામાં આવે છે. આ બાબતોને ધ્યાને રાખી ને જો કોઇ ખાતેદાર તેમના ₹10 લાખ થી વધુ રોકાણને સુરક્ષિત કરવા ઇચ્છતા હોય અને તે માટે પ્રીમિયમ ભરવાની તૈયારી દર્શાવે તો આ સુવિધા બેંકના ખાતેદારોને પણ આપવામાં આવે તો તેમને બેન્કો પ્રત્યે વિશ્વાસ ની લાગણી થશે ને તેમના નાણાં સુરક્ષિત છે તેવી બાહેંધરી મળશે. તેમને આ સુવિધા આપવા બદલ યોગ્ય નિર્ધારિત પ્રીમિયમ તેમના FD ના વ્યાજમાંથી અથવા ખાતાની રકમમાંથી વસૂલવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવી શકાય. જેથી લોકોનો સહકારી બેન્કો પ્રત્યેનો અભિગમ પણ હકરાત્મક થશે.

આપશ્રી લાંબા સમયથી બેન્કિંગ ક્ષેત્રે સક્રિય રહ્યા છો અને ખાસ કરીને સહકારી બેન્કો સાથે ઘણા વર્ષોથી જોડાયેલ હોવાથી બેન્કિંગ સંબંધિત બાબતો માં આપશ્રીને રુચિ અને ઉચ્ચ કક્ષાની સપષ્ટતા હોવાથી આ સૂચનો આપશ્રી સમક્ષ રજુ કરીએ છીએ. અમારી રજુઆતને ધ્યાને રાખી ને યોગ્ય પગલાં લેવા અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

**દુર્ગેશ બુચ**

**પ્રમુખ**